GJGS030002802025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૫/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૦૬/૦૫/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીના–વર્ષ |
| | ૦૧ ૦૩ ૦૪ |

**ગીરસોમનાથ જીલ્લાના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પેશ્યલ જજ (પોક્સો)ની કોર્ટ સમક્ષ, મુ. ઉના.**

==================================================

**–।। પોક્સો કેસ નં. નં. ૦૬/૨૦૨૫ ।।–**

==================================================

**આંક–**

## FORM–A

| | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૦/૦૮/૨૦૨૬ |
| **પોકસો કેસ નંબર** | ૦૬/૨૦૨૫ |
| **ગુનાની કલમ** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૧૮ |
| **ગુના રજી.નં.** | ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૫૦૪૯૭/૨૦૨૫ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદ પક્ષે** | વિ.પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ |
| **આરોપી** | ધવલકુમાર રાજશીભાઈ રામુ, રહે.ઉના દેલવાડા રોડ, ચાણકય સ્કુલની પાછળ, ચોરખાણ વાડી વિસ્તાર, તા.ઉના, જી.ગીર સોમનાથ. |
| **બચાવપક્ષે** | આરોપી તરફે – વિ.વ.શ્રી એસ.જી.મોરી |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૭/૦૩/૨૦૨૫ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૨૮/૦૩/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૫/૦૫/૨૦૨૫ |
| **તહોમતનામુ ઘડયાની તારીખ** | ૨૮/૧૧/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૦૯/૧૨/૨૦૨૫ |

| | |
|---|---|
| **ચુકાદા માટે રાખ્યાની તારીખ** | ૨૪/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૦/૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો.** | – |

**– આરોપીની વિગત –**

| આરોપીનો અનુ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિતની તારીખ | અધિનીયમ અને કલમ | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | BNSS કલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ધવલકુમાર રાજશીભાઇ રામુ | ૦૨/૦૪/ ૨૦૨૫ | ૨૧/૦૪/૨ ૦૨૫ | બી.એન. એસ. કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૧૮ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. | – – – | – – – |

## FORM–C

**–ફરીયાદપક્ષ તરફેના સાહેદોની યાદી–**

| **સાહેદ નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | |
| ૧ | ૧૪ | ભોગ બનનાર | ભોગ બનનાર |
| ૨ | ૧૬ | કાનાભાઇ હાદાભાઇ છેલાણા | ફરીયાદી |
| **તબીબી સાહેદો** | | | |
| ૩ | ૩૦ | ડો.રામસિંહ કિશોરભાઇ જાદવ | તબીબી સાહેદ |
| **સ્વતંત્ર સાહેદો** | | | |
| ૪ | ૧૮ | રૂપલબેન કાનાભાઇ છેલાણા | સાહેદ |
| ૫ | ૨૦ | નિર્ભયસિંહ કરશનભાઇ ઝાલા | સાહેદ |
| ૬ | ૪૨ | વિવેકભાઇ કાનાભાઇ છેલાણા | સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | |
| ૭ | ૨૩ | હંસાબેન દુલાભાઇ મોરી | પોલીસ સાહેદ |
| ૮ | ૪૫ | મહેન્દ્રસિંહ નીરુભા રાણા | તપાસ અધિકારી |

**બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.**

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–

| અનુ.નં. | આંક/ સાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫/૧ | ભોગબનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ ૧૮૩ મુજબનુ નીવેદન |
| ૨ | ૧૭/૨ | ફરીયાદ |
| ૩ | ૨૧/૪ | જન્મ રજીસ્ટરની ખરીનકલ |
| ૪ | ૨૨/૪ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૫ | ૨૪/૫ | ગુનો રજીસ્ટર કરવા અંગેનો પત્ર |
| ૬ | ૨૫/૫ | તપાસ ડેપ્યુટનો હુકમ |
| ૭ | ૨૬/૫ | સ્પેશ્યલ રીપોર્ટ |
| ૮ | ૨૭/૫ | ફેકસ મેસેજ |
| ૯ | ૨૮/૫ | એફ.આઇ.આર. |
| ૧૦ | ૨૯/૫ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૧/૨૫ ની ખરીનકલ |
| ૧૧ | ૩૧/૬ | ભોગ બનનારની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| ૧૨ | ૩૨/૬ | મેડીકલ ચેકઅપ કરી નમુના મોકલ્યાની યાદી તથા ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૩ | ૩૩/૬ | આરોપીની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| ૧૪ | ૩૪/૬ | મેડીકલ ચેકઅપ કરી નમુના મોકલ્યાની યાદી તથા આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૦ | ૪૬/૮ | આરોપીની અટક તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામુ |
| ૨૧ | ૪૭/૮ | રવાનગી નોંધ |
| ૨૨ | ૪૮/૮ | એફ.એસ.એલ. ને મુદામાલ મળ્યાની પહોચ |
| ૨૩ | ૪૯/૮ | રવાનગી પત્ર તથા પૃથ્થકરણ અહેવાલ |
| **નીચે મુજબના દસ્તાવેજો આરોપી પક્ષે કબુલ રાખેલ છે.** | | |
| ૧ | ૩૫ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૩૬ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૩ | ૩૭ | ભોગ બનનાર તથા આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ |
| ૪ | ૩૮ | ઝડતી પંચનામુ |
| ૫ | ૩૯ | આરોપીએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ તે જગ્યાનું પંચનામુ |

**બી.** બચાવ પક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**સી. કોર્ટ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.**

==================================================

**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૧૮

==================================================

**-: ચુ કા દો :-**

**(બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૨૫૮ ની સાથે વાંચતા કલમ-૩૯૨)**

૧. **ફરીયાદપક્ષની હકીકત :-** આ ચુકાદામાં ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ તે હવે પછી 'પોકસો' એકટ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ને બી.એન.એસ. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ને બી.એન.એસ.એસ. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

૨. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** આ કામના આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર, ઉંમર ૧૭ વર્ષ, ૦૫ માસ અને ૧૦ દિવસ વાળી સાથે ફરીયાદીના ઘરે ભોગ બનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ અને ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રાત્રીના પોણા બારેક વાગ્યે આરોપીએ ફરીયાદીના ઘર પાસેથી ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી લઈ જઈ ભાવનગર જીલ્લાના ભગુડા ખાતે મંદીરમાં દર્શનાર્થીઓ માટેના હોલમાં ભોગ બનનાર સાથે ભોગ બનનારની મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ તે મતલબની ફરીયાદ

ફરીયાદી કાનાભાઇ હાદાભાઇ છેલાણાએ ઉના પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી, જે ફરીયાદ આધારે ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૫૦૪૯૭/૨૦૨૫ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ–૧૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ.

3. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ એફ.આઇ.આર. માં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૧) તથા પોક્સો એકટની કલમ–૪ તથા ૬ નો ઉમેરો કરવા તા.૦૨/૦૪/૨૦૨૫ નાં રોજ એડીશ્નલ સેશન્સ (પોકસો) કોર્ટ સમક્ષ રીપોર્ટ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આરોપી તથા ભોગબનનારની શારીરીક તપાસણી તથા નમુના લેવાની કાર્યવાહી માટે યાદી કરેલ અને ભોગબનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવાની કાર્યવાહી કરેલ અને ત્યારબાદ જરૂરી પંચનામા તથા સાહેદોનાં નિવેદનો લઇ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮ મુજબના ગુનાના આક્ષેપો કરતુ ચાર્જશીટ સ્પે.કોર્ટ, ઉનામાં રજૂ કરતા તેને સ્પે.પોકસો કેસ રજીસ્ટરે સ્પે.પોકસો કેસ નં.૦૬/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૪. <u>તહોમતનામા અંગે</u> :–

૪.૧ આ કેસમાં આરોપી જામીન મુકત છે. આરોપી સામે બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૧(૧)(બી) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮ મુજબના ગુનાનું તહોમતનામુ મારા પુરોગામીશ્રી ધ્વારા આંક–૧૨ થી ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૧૩ થી આરોપીનું નિવેદન તહોમતનામા સંદર્ભે લેતા આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવતા

બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૪(૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**પુરાવો નોંધવાની કાર્યવાહીઃ**

**૪.૨** આરોપી વિરુદ્ધ આંક–૧૨ થી ફરમાવવામાં આવેલા તહોમત નામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**આરોપીનું વિશેષ નિવેદનઃ**

**૪.૩** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૫૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. બાદમાં આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ સાથે કલમ–૨૫૬ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ. જેમાં તેઓએ ફરીયાદપક્ષના મોટાભાગના પુરાવાઓનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી તેમજ દૂધના ધંધાના હિસાબમાં તકરાર ચાલતી હોઈ, તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને અંતમાં તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૪.૪** સદર કામે બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૭ મુજબ વિ. એ.પી.પી.શ્રી ની દલીલ સાંભળી તેમજ આરોપી પક્ષે વિ.વ.શ્રી એસ.જી.મોરીની દલીલ સાંભળી.

**પક્ષકારોની દલીલો :–**

**૫. વિ. એ.પી.પી.શ્રી ની દલીલ :–**

**૫.૧** વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખીક દલીલ કરતા રજુઆત કરેલ છે કે, ભોગબનનાર એ ૧૭ વર્ષ, ૦૫ માસ અને ૧૦ દીવસના એટલે

કે સગીર વયના હોવાની હકીકત આંક–૨૨ ના રજુ થયેલ જન્મના પ્રમાણપત્રથી પુરવાર થાય છે. તેમજ ફરીયાદી કે જે ભોગ બનનારના પિતા છે તેઓને આંક–૧૬ થી તપાસેલા છે અને તેઓના પુરાવામાં આંક–૧૭ થી ફરીયાદ રજુ થયેલ છે. જે ફરીયાદ જોતા તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૧૦/૨૦૦૭ ની જણાવેલી છે અને બનાવ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ બનેલ છે. જેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર હોવાની હકીકત પુરવાર થાય છે. તેમજ ફરીયાદી ભોગ બનનારના પિતાએ ફરિયાદને અનુમોદન કરતો પુરાવો રજુ કરેલ છે. વધુમાં ભોગબનનારની શારીરીક તપાસ કરનાર તબીબી સાહેદે પણ અદાલત સમક્ષના પુરાવામાં જણાવેલ છે કે, આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ છે. ભોગબનનાર સગીરવયની હોવાની હકીકત પુરવાર થાય છે તે સંજોગોમાં જો ભોગબનનારે મરજીથી પણ શારીરીક સંબંધ બાંધેલ હોય તો તે સહમતી કાયદેસરની ગણી શકાય નહી અને જયારે ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલાની હકીકત પ્રસ્થાપીત થતી હોય તે સંજોગોમાં પોકસો એકટની કલમ ૨૯ અન્વયેનુ અનુમાન એ આરોપીની વિરુધ્ધનુ કરવાનુ રહે છે અને આરોપી આ અનુમાનનુ ખંડન કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, આરોપી વિરુધ્ધ પોકસો એકટનો ગુનો નિ:શંકપણે પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ તહોમતમાં જણાવેલ ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**૬. <u>બચાવપક્ષની દલીલ</u> :–**

**૬.૧** સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી એસ.જી.મોરીએ દલીલ કરતા રજુઆત કરેલ છે કે, આ કામનો બનાવ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ બનેલો છે અને ફરીયાદ તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ આપેલ છે એટલે કે ભોગબનનાર જે દીવસે ઘરેથી ગયેલ તે દિવસે કોઇ ફરીયાદ આપેલ નથી જેથી ફરીયાદમાં શંકા ઉભી થાય છે.

ડોકટરશ્રીના અદાલત સમક્ષના પુરાવામા એ હકીકત આવેલ છે કે ભોગબનનાર સાથે કોઈપણ પ્રકારની ઈજાઓ તપાસ દરમ્યાન મળી આવેલ નહી અને ભોગબનનારના બાહય અને આંતરીક અંગો વિકસીત હોવાનુ જણાવેલ છે અને ભોગબનનાર સાથે બળજબરીથી બળાત્કાર થયાનુ શારીરીક તપાસ દરમ્યાન જણાયેલ નથી. વધુમાં, જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારે જન્મનુ પ્રમાણપત્ર આપેલ છે, તેઓએ રેકર્ડ જોઇને પ્રમાણપત્ર આપેલ છે. આમ, ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નીષ્ફળ નીવડેલ છે. પ્રસ્તુત કેસમાં મહત્વનો પુરાવો ભોગબનનાર છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ભોગબનનારના પુરાવામાં વિશ્વસનીયતા જણાતી નથી અને તેમના પુરાવાને અન્ય કોઇ પુરાવાથી સમર્થન મળતુ નથી. આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધ્યાની હકીકત પણ નિ:શંકપણે પુરવાર થતી નથી. આ સંજોગોમાં આરોપી વિરુધ્ધ મુકેલ તહોમત પુરવાર થતુ ન હોય, આરોપીને નીર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

**૭. પોઇન્ટ ફોર ડીટરમીનેશન બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૩(ડી) મુજબ :–**

**૭.૧** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આ કામના ભોગ બનનાર બનાવ વખતે સગીર વયના હતા?

**૭.૨** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રાત્રીના પોણા બારેક વાગ્યે આરોપીએ ફરીયાદીના ઘર પાસેથી ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉ.વ.૧૭ વર્ષ, ૦૫ માસ અને ૧૦ દિવસ વાળીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની

લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી લઈ જઈ ભાવનગર જીલ્લા ભગુડા ખાતે મંદીરમાં દર્શનાર્થીઓ માટેના હોલમાં ભોગ બનનાર સાથે ભોગ બનનારની મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરેલ અને અગાઉ પણ ફરીયાદીના ઘરે ભોગ બનનારની મરજી વિરુધ્ધ તેણીની સાથે શરીર સંબંધ બાંધી સંભોગ બળાત્કાર કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકયુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૭.૩** શુ આખરી હુકમ ?

**૮. ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**(૧)** મુદા નં. ૭.૧ ચર્ચા કર્યા મુજબ ''**હકારમાં**''

**(૨)** મુદા નં. ૭.૨ ચર્ચા કર્યા મુજબ ''**નકારમાં**''

**(૩)** મુદા નં. ૭.૩ ''**આખરી હુકમ મુજબ**''

**: : કારણો : :**

૯. **બી.એન.એસ.એસ. ની કલમ-૩૯૩ (૧)(બી) મુજબ :-** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

૯.૧ વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઇએ નહીં.

૯.૨ જયાં સુધી ભારતીય ન્યાય સંહિતાને લાગે-વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે. કલમ-૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :- આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

૯.૩ એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય ન્યાય સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ - વિરૂધ્ધ- ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.-પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે, જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે નક્કિ કરવાનું હોય છે.

૯.૪ ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

૯.૫ આ કામમાં આરોપી સામે પોકસો એકટની કલમ–૪, ૬, ૧૮ મુજબનો પણ આક્ષેપ છે. તે સંજોગોમાં પોકસો એકટની કલમ–૨૯ પણ ચિત્રમાં આવે છે અને તે નીચે મુજબ છે.

**"29.Presumption as to certain offences :-**

Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under Section 3, 5, 7 and Section 9 of the Act, the Special Court shall presume that such person has committed or abetted or attempted to commit offence, as the case may be unless the contrary is proved."

આમ, ઉપરોકત કલમ–૨૯ મુજબ જયારે આરોપી સામે કલમ–૪, ૬, ૧૮ ના ગુનાનો આક્ષેપ છે ત્યારે પોકસો એકટની કલમ–૨૯ મુજબ જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી અદાલતે આરોપીએ ઉપરોકત કલમ મુજબનો ગુનો કરેલ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને ત્યારે ધારાસભાએ Shall શબ્દનો ઉપયોગ કરેલ છે તે સંજોગોમાં ત્યારે અદાલતે કલમ–૨૯ મુજબની હકીકત નાસાબિત થાય ત્યાં સુધી તેવી હકીકત સાબિત થઇ છે તેવુ અનુમાન કરવાનું રહે છે, પરંતુ આ કલમ–૨૯ મુજબનું અનુમાન અદાલત કરે તે માટે એટલે કે, અનુમાન કરી શકે તેટલી પાયાની હકીકત પ્રોસીકયુશને અદાલત સમક્ષ રજુ કરવાની રહે છે.

૯.૬ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૪ મુજબ કોઇપણ હકીકત દસ્તાવેજની અને ઇલેકટ્રોનીક રેકર્ડના કન્ટેન્સ સિવાયની મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે, એટલે કે, જો દસ્તાવેજ અથવા ઇલેકટ્રોનીક રેકર્ડ સિવાયની કોઇ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે. મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૨ માં નીચે મુજબ આપવામાં આવેલી છે, જે નીચે મુજબ છે.

EVIDENCE :-Evidence means and includes -

2. All statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry, such statements are called oral evidence,

આમ, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધા પુરાવાની વ્યાખ્યા ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–પપ માં આપવામાં આવેલી છે, જે નીચે મુજબ છે.

**"55. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to say it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refers to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be perceived by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly offered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an

amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ-૫૫ લક્ષમાં લેતા એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઇ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઇ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતના પુરાવાને પણ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૫૫ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

૯.૭ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૨૬ માં આવતા પુરાવાનો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૧૫ થી ૨૪ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબિત કરવાની હોય છે અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે. જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

## ૧૦. <u>તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર</u> :-

**૧૦.૧** ભોગબનનાર પોતે વિકટીમ છે અને તેથી તેમનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૫૫ માં પડતો પુરાવો છે.

**૧૦.૨** ભોગબનનારના માતા પિતા કે જેઓને બનાવની હકીકત ભોગબનનાર દ્વારા ખબર પડેલી તેટલા પુરતો તે બંનેનો

પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૪ એટલે કે, રેસ ગેસ્ટેના પુરાવામાં પડતો પુરાવો છે.

**૧૦.3** ભોગબનનાર અને આરોપીને તબીબી રીતે તપાસવા બાબતે તબીબનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૩૯(૧) મુજબ નિષ્ણાંતનો પુરાવો છે.

**૧૦.૪** તપાસ કરનાર અમલદાર કે જેઓએ પંચનામા વખતે જે હકીકત ગ્રાહ્ય કરેલ છે તેટલા પુરતો તેમનો પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ-૫૫ માં પડતો પુરાવો છે.

**૧૧. <u>ભોગબનનારની ઉંમર અંગે</u> :-**

**૧૧.૧** આ કામમાં આરોપી સામે પોકસો એકટની કલમ-૪, ૬, ૧૮ મુજબનો આક્ષેપ છે. જેથી ભોગબનનાર પોકસો એકટની કલમ-૨(ડી) મુજબ બાળક હતા તે હકીકત સાબિત થવી આવશ્યક છે.

**૧૧.૨** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે આ કેસમાં રેકર્ડ પર જે પુરાવો આવ્યો છે તેમાં ફરિયાદી એટલે કે ભોગબનનારના પિતાએ તેમની ફરીયાદમાં ભોગબનનાર દિકરીની જન્મ તારીખ ૨૩/૧૦/૨૦૦૭ ની જણાવેલ છે.

**૧૧.3** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક-૨૦ થી સાહેદ નિર્ભયસિંહ કરશનભાઈ ઝાલા કે જેઓ તલાટી કમ મંત્રી તથા જન્મ મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે તેઓને તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા આશરે સવા બે વર્ષથી અલગ અલગ જગ્યાએ તલાટી કમ મંત્રી તથા જન્મમરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. હાલ તેઓ કાંધી ગામે રેગ્યુલર તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. તે ઉપરાંત તેમની પાસે કાણેકીયા/કણેરી ગ્રામ પંચાયતનો વધારાનો ચાર્જ છે. તેમને

મુદતનો સાહેદી સમન્સ બજતા તેઓ કાણેકીયા ગ્રામપંચાયત ધ્વારા ઉતરોતર નીભાવવામાં આવતા જન્મ રજીસ્ટર પૈકી વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૭ સુધીનુ અસલ જન્મ મરણ રજીસ્ટર તેમની સાથે લાવેલ છે, જેમાં નોંધણી ક્રમાંક ૩૭ થી તા.૩૦/૧૦/૨૦૦૭ ના રોજ આ કામના ભોગ બનનારના જન્મની નોંધ થયેલ છે અને તે મુજબ તેણીની જન્મ તા.૨૩/૧૦/૨૦૦૭ ના રોજ થયેલ છે, જેમા તેણીના માતા-પિતાનુ નામ લખેલુ છે તેમજ માતા-પિતાનુ કાયમી સરનામુ મુ.પોસ્ટ કાણેકીયા, તા.ઉના લખેલ છે અને માહીતી આપનારની કોલમમા તેણીના પીતાનુ નામ લખેલ છે અને માહીતી આપનારની સહી વાળી કોલમમા તેના અંગુઠાનુ નીશાન છે અને જે તે વખતના જન્મ મરણ રજીસ્ટ્રારની સહી છે, જેની ખરી નકલ આંક-૨૧ થી રજુ છે. તેમને નીશાની ૧૧/૧૭ નુ જન્મનુ પ્રમાણપત્ર બતાવતા તેમા ભોગ બનનારના જન્મ અંગેની વિગતો તેમના અસલ રજીસ્ટર મુજબની છે, તે દાખલો ઇશ્યુ કરનાર તલાટી કમ મંત્રીશ્રીની સહી તથા હોદાનો સીકકો છે તથા પંચાયતનુ રાઉન્ડ સીલ છે. આ દાખલો અગાઉના તલાટી કમ મંત્રીશ્રી ચીંતનભાઇ વૈશ્યએ આપેલ છે. તેમની સાથે તેઓએ કામ કરેલ હોય તેઓની સહીથી તે પરીચીત છે, જેમા ચીંતનભાઇની સહી ઓળખી બતાવે છે, જે આંક-૨૨ થી રજુ છે.

**૧૧.૪** સદર સાહેદે તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નોંધ નં.૩૭ મા માહીતી આપનારનો અંગુઠો છે તે કોનો છે તે ઓળખાવેલ નથી. આ નોંધ નં.૩૭ મા ઉતારો તેમના હસ્તાક્ષરમા નથી. જેણે જન્મનો દાખલો આપેલ છે તે તલાટી કમ મંત્રી સાથે તેમણે ફરજ બજાવેલી નથી.

**૧૧.૫** ભોગબનનારની ઉંમર પુરવાર કરવા અંગે ઘણા ચુકાદાઓ આવેલા છે તે પૈકી ભોગબનનારની ઉંમર કેવી રીતે પુરવાર કરવી તે અંગેનું

માર્ગદર્શન નામદાર સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાદામાં કરવામાં આવેલ છે, જે નિચે મુજબ છે.

**૧૧.૬** આ તબકકે સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપ સીંઘ – (૨૦૧૫) ૭ એસ.સી.સી. ૭૭૩ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ– ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા મહાદેવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી. ૬૩૭ ના ચુકાદામાં તથા જર્નેલસીંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા–૨૦૧૩ (૭) એસ.સી.સી. ૨૬૩ ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ– ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

12(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the committee by seeking evidence by obtaining--

(a) (i) the matriculation or equivalent certificates, if available; and inn the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat

(b) and only in the absence of either (i),(ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare he age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. And, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available,or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b)shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ જજમેન્ટમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જે હકીકત જણાવવામાં આવી છે તે પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવા જણાવેલ છે અને તે મુજબ પ્રથમ (૧) મેટ્રીકયુલેશન અથવા તો તેના સમકક્ષ મુજબનું પ્રમાણપત્ર અથવા તેની ગેરહાજરીમાં (૨) પ્લે ગ્રુપ સિવાયની શાળા કે જે પ્રથમ શાળા હોય તેનું પ્રમાણપત્ર અથવા તેની ગેરહાજરીમાં (૩) પંચાયત કે નગરપાલીકાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર હોવુ જરૂરી છે અને

ઉપરોકત ત્રણેય આધાર પુરાવાની ગેરહાજરી હોય તો મેડીકલ પુરાવો ધ્યાને લેવાશે.

**૧૧.૭** આમ, ઉપરોક્ત કાયદાની જોગવાઈ પ્રમાણે જોવામાં આવે તો નિયમ–૧૨(૩)(૩) મુજબ પંચાયત કે નગર પાલીકાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે અને તે ઉંમર નક્કી કરવા માટે માન્ય પુરાવો છે. અહીયાં ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક–૨૦ થી તલાટી કમ મંત્રી તથા જન્મ મરણ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા નિર્ભયસિંહ કરશનભાઈ ઝાલાને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં ભોગ બનનારના જન્મની નોંધણી, નોંધણી ક્રમાંક ૩૭ થી તા.૩૦/૧૦/૨૦૦૭ ના રોજ થયેલ હોવાનું તથા જન્મના પ્રમાણપત્રની વિગતો તેમના અસલ રજીસ્ટરની વિગતો મુજબની જ હોવાનો પુરાવો આપેલ છે તેમજ આંક–૨૨ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે, જે મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૧૦/૨૦૦૭ ની હોવાનું જણાઈ આવે છે. આમ, ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રમાં ભોગ બનનારની જન્મ તારીખ જોતા તથા હાલનો બનાવ બન્યાનો સમય જોતા ભોગ બનનાર બનાવ સમયે બાળક હોવાનું એટલે કે ૧૮ વર્ષથી નીચેની ઉમરના હતા તેવુ ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે.

**૧૨** **<u>બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) અંગે</u> :–**

**૧૨.૧** આ કામમાં આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) નો પણ આક્ષેપ છે તે સંજોગોમાં બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

> **137(2). Punishment for kidnapping.** - Whoever kidnaps any person from India or from lawful guardianship, shall be punished with imprisonment of

either description for a term which may extend to seven years and shall also be liable to fine."

**87. Kidnapping, abducting or inducing woman to compel her marriage, etc. -** Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she will be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse, or knowing it to be likely that she will be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; and whoever, by means of criminal intimidation as defined in this Code or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall also be punishable as aforesaid.

**64(1). Punishment for rape. -** Whoever, except in the cases provided for in sub-section(2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

**૧૩. પોક્સો એકટની કલમ–૪, ૬, ૧૮ અંગે :–**

**૧૩.૧** આ કામમાં પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**Section:-4. Punishment for penetrative sexual assault**.—Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than seven years but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

**Section:-6. Punishment for aggravated penetrative sexual assault**.—Whoever, commits aggravated penetrative sexual assault, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years but which may extend to imprisonment for life and shall also be liable to fine.

**Section:-18. Punishment for attempt to commit an offence.**—Whoever attempts to commit any offence punishable under this Act or to cause such an offence to be committed, and in such attempt, does any act towards the commission of the offence, shall be punished with imprisonment of any description provided for the offence, for a term which may extend to one half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence or with fine or with both.

આમ, ફરિયાદપક્ષે ઉપર મુજબની કલમના તત્વો આરોપી સામે વ્યાજબી શંકાથી પર સાબિત કરવાના છે.

**૧૪. આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે. સરળતા ખાતર પુરાવાનું મુલ્યાંકન પણ સાથોસાથ કરવામાં આવેલ છે.**

**૧૪.૧** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી ભોગ બનનારને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ બે બહેનો છે અને એક ભાઈ છે. તેણી તેના ભાઈ બહેનોમા સૌથી નાની છે. તે ધોરણ–૭ સુધી કાણેકીયા ગામે પ્રાથમીક શાળામા ભણેલ છે. તેણીને પોતાની જન્મ તારીખ યાદ નથી. તેણી તેના ભાઈ તથા માતા–પીતા સાથે બનાવના અરસામા ઉના રહેતી હતી. આ બનાવને કેટલો સમય થયેલ તે હાલ તેમને યાદ નથી. બનાવના એકાદ મહીના અગાઉ તેણીને ધવલ રામુ સાથે ઓળખાણ થયેલી. તેણીને ઉના મુકામે તબેલો હોય જેથી ધવલ આવતો જતો હોય તેથી ઓળખાણ થયેલી અને બન્નેને પ્રેમસંબંધ હોય જેથી તેણી

ધવલ સાથે ફોનમા વાતચીત કરતી હતી, જે અંગેની જાણ તેણીના પીતાને થતા તેણીના પીતાએ તે અંગે તેણીને ઠપકો આપેલો. જેથી તેણી કોઇને કીધા વિના બપોરના સમયે પોતાના ઘરેથી નીકળી ગયેલી. તેણી ઉનાથી બસમા બેસી ભગુડા ગામે ગયેલી, જયા મંદીરમા તેણી એક દીવસ રોકાયેલી અને તેણીની જાતે બીજા દીવસે પોતાના ઘરે પરત આવી ગયેલી. તેણીના પીતાએ ધવલ ઉપર ફરીયાદ કરેલ હતી. તેણી ઘરે આવ્યા બાદ અન્ય કોઇ જગ્યાએ ગયેલ નથી. હવે તેણી કહે છે કે તેણી કોર્ટમા ગયેલી, જયાં જજ સાહેબે તેણીની પુછપરછ કરેલી. હવે તેણી કહે છે કે, તેણી પો.સ્ટે. ગયેલ હતી અને પોલીસે તેણીની પુછપરછ કરેલ હતી અને ત્યારબાદ તેણી દવાખાને પણ ગઇ હતી અને ડોકટર સાહેબે તેણીની તપાસ કરેલી હતી. તેણીએ પોલીસને પોતાના કપડા આપેલા હતા. આરોપી ધવલને તેણી ઓળખે છે.

**૧૪.૨** તેણીને નીવેદન બતાવતા તે પોતાનું જજ સાહેબ રુબરુ લીધેલુ નીવેદન હોવાનુ કહી તેમા પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૧૫ થી રજુ છે. તેણીને મુદામાલ કપડા કુર્તી, પ્લાઝો, બ્રા, નીકર બતાવતા તે કપડા પોતાના છે કે કેમ તે હાલ યાદ નહી હોવાનુ જણાવે છે. તેણીને કોઇએ લગ્નની લાલચ આપી ભગાડીને લઇ ગયેલ હોય અને તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોય અને તે વખતે તેણીની ઉમર ૧૭ વર્ષ ૫ માસની હોય તેવુ બનેલ નથી કે તેણીએ કોઇને જણાવેલ નથી. સદરહુ ભોગબનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**૧૪.3** સદર ભોગ બનનારની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી ઘરેથી નીકળીને ગઇ હતી ત્યારે તેણીની ઉમર ૧૮ વર્ષ કરતા વધારે હતી. તેણી મોબાઇલ પર આરોપી સાથે

વાત કરતા તેણીના પીતાજીને ખબર પડી જતા તેણે ગુસ્સો કરેલ, જેથી તેણી ઘરેથી પોતાની જાતે જતી રહેલી. તેણીને જન્મ તારીખ યાદ નથી. તેણીએ પોતાની જન્મ તારીખ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી. તેણીને દવાખાને લઇ ગયેલ હોય ત્યારે ડોકટરે તેણીને કાઇ પુછયુ હોય અને તેણીએ ડોકટરને લખાવેલ હોય એવુ કાઇ બનેલ નથી. પોલીસ તેણીને જજ સાહેબ રુબરુ લઇ ગયેલી ત્યા તેણીના માતા-પિતાએ કહેલુ તે પ્રમાણે તેણીએ લખાવેલ હતુ. તેણીને કોઇ ભગાડી ગયેલ હોય તેવો કોઇ બનાવ બનેલ નથી. તેણી કોર્ટમા જુબાની આપવા આવેલ છે તેમા તેણીને કોઇએ ધાક ધમકી આપેલ હોય તેવુ કાઇ બનેલ નથી. આરોપી તેણીના તબેલા ઉપર આવતો જતો હોય તેને ઓળખે છે.

**૧૪.૪** સદર સાહેદ ફરીયાદપક્ષના સૌથી અગત્યના સાહેદ છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ તેણીની સાથે જ આક્ષેપિત બનાવ બનેલ છે. પરંતુ તેણીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેણી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેણીના કથન મુજબ તેણીને આરોપી સાથે પ્રેમ સંબંધ હોઇ, તેણી આરોપી સાથે ફોન ઉપર વાત કરતી હતી અને તે સમયે તેણીના પિતા એટલે કે, ફરીયાદી તેણીને જોઇ જતા તેણીને ઠપકો આપતા તેણી કોઇને કહયા વગર પોતાના ઘરેથી ચાલી ગયેલી. આમ, તેણીની જુબાની મુજબ આ કામના આરોપીને તેણીને કોઇ જગ્યાએ લઇ ગયેલ હોય તેવું ફલિત થતું નથી. વધુમાં આરોપીને તેણીની સાથે કોઇ દુષ્કૃત્ય આચરેલ હોય તેમ પણ તેણીની જુબાની ધ્યાને લેતા જણાઇ આવતું નથી. તેણી બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન પોતાની જુબાનીમાં રજૂ કરે છે, પરંતુ તેના કન્ટેન્ટને પોતાની જુબાની થકી પુરવાર કરતા નથી. ઉલ્ટાનું સદરહુ નિવેદનથી બિલકુલ વિપરીત હકિકતો તેણી પોતાની જુબાનીમાં જણાવે છે. આમ, બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન પણ પુરવાર થતું નથી. વધુમાં તેણી

પોતાના કપડા પણ કોર્ટ રૂબરૂ મુદ્દામાલમાંથી ઓળખી બતાવતા નથી. પોતાની સરતપાસના પારા–૭ માં તેણી સ્પષ્ટપણે એ હકિકત જણાવે છે કે, તેણીને કોઇએ લગ્નની લાલચ આપી ભગાડીને લઇ ગયેલ હોય અને તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હોય અને તે વખતે તેણીની ઉંમર ૧૭ વર્ષ ૫ માસની હોય તેવું બનેલ નથી કે તે હકિકત તેણીએ કોઇને જણાવેલ નથી. આમ, તેણી પોતાની સરતપાસમાં જ આરોપીની વિરૂધ્ધની કોઇ જ હકિકત જણાવતા નથી. તેણીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે તેણીની ઉંમર ૧૮ વર્ષ કરતા વધારે હોવાનું જણાવે છે. વધુમાં તેણી પોતાની જાતે જ ઘરેથી જતા રહેલ હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારે છે. વધુમાં તેણીએ ડોકટરશ્રીને કોઇ હિસ્ટ્રી લખાવેલ હોવાનો પણ ઇન્કાર કરે છે. તેણીએ કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં પણ તેણીના માતાપિતાએ કહેલ તે મુજબ લખાવેલ છે. તેણીએ એ સજેશનનો સ્વીકાર કરેલ છે કે, તેણીને કોઇ ભગાડી ગયેલ હોય તેવો બનાવ બનેલ નથી. આરોપી તેણીના તબેલા ઉપર આવતો હોવાના કારણે તેણી તેને ઓળખી બતાવે છે. આમ, સદરહુ ભોગ બનનાર કે જેઓ ફરીયાદપક્ષના સૌથી અગત્યના સાહેદ છે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૫.** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૬ થી ફરિયાદી કાનાભાઇ હાદાભાઇ છેલાણાને એટલે કે ભોગબનનારના પિતાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને સંતાનમા બે દીકરી અને એક દીકરો છે, જેમા સૌથી મોટી દિકરી સામતેર ગામે સાસરે છે અને તેનાથી નાનો દીકરો છે અને ત્યારબાદ ભોગ બનનાર દીકરી છે. તેમની ભોગ બનનાર દીકરી કાણેકીયા ગામે ધોરણ–૭ સુધી ભણેલ છે. આ બનાવને ચારેક મહીના જેટલો સમય થયેલ છે. તે બાલુભાઇ વીજાણંદભાઇના તબેલામા પાંજરાપોળ વિસ્તારમાં નોકરી કરતા હતા અને ત્યાં જ તેઓ રહેતા

હતા. તે, તેમના પત્ની તથા દીકરો તથા ભોગ બનનાર દીકરી રાત્રીના જમીને સુતા હતા અને વહેલી સવારના જાગીને જોતા ભોગ બનનાર બેન ઘરમાં જોવા મળેલ નહી અને ત્યારબાદ તે તથા તેમનો દીકરો ભોગ બનનારને શોધવા ગયેલા, પરંતુ કયાય મળેલ નહી. તેમની ભોગ બનનાર દીકરીને રાજશીભાઇનો દીકરો ધવલ લઇ ગયેલ હતો તેવુ જાણેલુ. બનાવના અરસામા ભોગ બનનાર દીકરીને ૧૮ વર્ષ પુરા થયેલ ન હતા. તેમની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ તેમને યાદ નથી. તેઓ અભણ છે. આ બાબતે તેઓએ આરોપી વિરૂધ્ધ પોલીસમા ફરીયાદ આપેલી. તેમને કોર્ટના રેકર્ડ માથી નીશાની ૧૧/૩ વાળી ફરીયાદ બતાવતા તેમા પોતાના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવે છે. જે આંક–૧૭ થી રજુ છે. ફરીયાદ આપતી વખતે તેમના સાળા દીનેશભાઇ પરબતભાઇ સાવધારીયા પણ હાજર હતા. બનાવના ત્રીજા દીવસે તેમની ભોગ બનનાર દીકરીને પોલીસ વાળા લાવેલા, જેથી તે અને તેમના પત્ની પો.સ્ટે. ગયેલા. તેમની ભોગ બનનાર દીકરીએ તેમને વાત કરેલ કે આરોપી તેને બગદાણા, ઉચા કોટડા લઇ ગયેલ હતા. હાલ તેમની દીકરી તેમના ઘરે છે. તેમની ભોગ બનનાર દીકરીને પોલીસ તેમના પત્ની સાથે સરકારી દવાખાને મેડીકલ તપાસ માટે લઇ ગયેલી. ફરીયાદી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**૧૫.૧** સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સૌથી મોટી દીકરી દીપીશાના લગ્ન થઇ ગયેલ છે. તેણીની ઉમર હાલ ૨૨ વર્ષ છે. દીપીશાથી નાનો દીકરો વિવેક છે. તેની હાલ ઉમર ૨૦ વર્ષની છે. તેનાથી આ ભોગ બનનાર દીકરી છે અને તેની હાલ ઉમર ૧૯ વર્ષની છે. તેમની ભોગ બનનાર દીકરી આરોપી સાથે પ્રેમ કરતી હતી અને તેની સાથે લગ્ન કરવા માંગતી હતી. આરોપી સાથે લગ્ન કરવા માટે તેઓ ગુસ્સે થયેલ તેના કારણે તેની દીકરી ઘરેથી એકલી નીકળી ગયેલી. તેમની દીકરી આરોપી સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે આરોપી

તેને ભગાડી ગયેલ નથી. તેમની દીકરીએ બનાવ અંગે તેમને કોઇ વાતચીત કરેલ નહી. ફરીયાદમા તેમણે પોતાની દીકરીની ઉમર અંદાજે લખાવી હતી. પોલીસે ફરીયાદ તેમની રીતે લખી લીધેલી અને ફરીયાદ લખાઇ ગયા બાદ પાછળથી તેમણે સહી કરી આપેલી. તેઓ કોર્ટમા જુબાની આપવા આવેલ હોય તે બાબતે કોઇએ ધાક ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

**૧૫.૨** આ કામના ફરીયાદી તે ભોગ બનનારના પિતા છે. તેઓને ભોગ બનનારે હકિકતની જાણ કરેલ છે. તેઓ તથા તેઓના કુટુંબના સભ્યો રાત્રી દરમ્યાન સૂતા હતા ત્યારે ભોગ બનનાર ઘર છોડીને જતા રહેલાનો ફરીયાદપક્ષનો આક્ષેપ છે અને તે મુજબ જ તેઓ પોતાની ફરીયાદને અનુરુપ હકિકતો પોતાની સરતપાસમાં જણાવે છે. પરંતુ તેઓની ફરીયાદ મુજબ પણ આરોપીએ ભોગ બનનાર સાથે કોઇ દુષ્કૃત્ય આચેલ હોય તેવો તેઓનો આક્ષેપ નથી અને તેવી કોઇ હકિકત તેઓ પોતાની જુબાનીમાં જણાવતા નથી. પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની સરતપાસથી બિલકુલ વિપરીત હકિકતો જણાવેલ છે. તેઓના કથન મુજબ તેઓની ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૯ વર્ષ છે. વધુમાં તેઓના કથન મુજબ તેઓ પોતાની ભોગ બનનાર દિકરી ઉપર ગુસ્સે થતા તેઓની ભોગ બનનાર દિકરી એકલી ઘરેથી નીકળી ગયેલી. આમ, તેઓના જ કથન મુજબ આ કામના આરોપી ભોગ બનનારને ભગાડીને લઇ ગયેલ હોય તેમ જણાઇ આવતું નથી. વધુમાં તેઓએ એ સજેશનનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, તેઓની ભોગ બનનાર દિકરી આરોપી સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે આરોપી તેણીને ભગાડી ગયેલ નથી. વધુમાં તેઓએ માત્ર તૈયાર ફરીયાદમાં સહી કરી આપેલાનું જણાવે છે. આમ, ફરીયાદી કે જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબના રેસ ગેસ્ટે સાહેદ છે તેઓની જુબાનીના આધારે પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૬.** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ રૂપલબેન કાનાભાઇ છેલાણાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને સંતાનમા બે દીકરી અને એક દીકરો છે. ભોગ બનનાર તેમનું છેલ્લુ સંતાન છે. તેમની ભોગ બનનાર દીકરી કાણેકીયા ગામે ધોરણ–૭ સુધી ભણેલ છે. બનાવ વખતે તેમની દીકરીને ઓગણીસમુ વર્ષ ચાલતુ હતુ. તેમની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ હાલ તેમને યાદ નથી. આ બનાવને છ– સાત મહીના જેટલો સમય થયેલ છે. બનાવના અરસામા તેઓ ઉના પાંજરાપોળ વિસ્તારમા રહેતા હતા. બનાવના દીવસે રાતે તે તથા તેમના પતિ તથા ભોગ બનનાર દીકરી જમીને સુતા હતા અને રાતના બાર સાડા બાર વાગ્યે તેમના પતિ ભોગ બનનાર દીકરીને ખીજાયેલ હતા અને પછી સવારના ઉઠતા ભોગ બનનાર દીકરી જોવા મળેલ નહી અને બીજા દીવસે સવારના ઘરે પાછી આવી ગયેલી. તેમની ભોગ બનનાર દીકરી પોતાની રીતે ભગુડા ગામે ગયેલ હતી, તેની સાથે બીજુ કોઇ ન હતુ. તેમની દીકરી ઘરેથી જતી રહેલી તે બાબતે તેમના પતિએ ધવલ રાજશી વીરૂધ્ધ ફરીયાદ કરેલ હતી, પરંતુ તેમની દીકરી તેની સાથે ગયેલ ન હતી, પરંતુ એકલી ગયેલ હતી. તેમની દીકરીને તેઓ પો.સ્ટે. લઇ ગયેલ નથી કે દવાખાને લઇ ગયેલ નથી. સાહેદ આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

**૧૬.૧** સદર સાહેદ ભોગ બનનારના માતા છે. ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનારે તેણી સાથે બનેલ બનાવની હકિકત પોતાની માતાને જણાવેલ છે. સદર સાહેદ ભોગ બનનારની સાથે પોલીસ

સ્ટેશન તેમજ હોસ્પીટલ ગયેલા છે, પરંતુ સદર સાહેદની જુબાની જોવામાં આવે તો તેણી આવી કોઇ જ હકિકત જણાવતા નથી. તેણીની સરતપાસ મુજબ બનાવ વખતે ભોગ બનનારની ઉંમર ૧૯ વર્ષ હતી. વધુમાં ભોગ બનનાર એકલી જ ભગુડા મુકામે ગયેલ હતી, તેણીની સાથે બીજુ કોઇ ન હતું. આમ, તેણીના કથન મુજબ ભોગ બનનાર રાત્રી દરમ્યાન જતા રહેલા છે અને બીજા દિવસે સવારે પોતાની રીતે જ ઘરે પાછા આવતા રહેલા છે. આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૭.** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ થી પોલીસ સાહેદ હંસાબેન દુલાભાઇ મોરીને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ તેઓ ઉના પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા. તે દીવસે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એમ.એન.રાણા સાહેબે આ કામના ફરીયાદીની પોતાના રુબરુ લીધેલ ફરીયાદ તેઓને ગુનો રજીસ્ટર કરવા લેખીત પત્ર સાથે આપતા તેઓએ આ ફરીયાદ ઉના પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૪૯૭/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૮ મુજબ રજીસ્ટર કરી આ ગુનાની તપાસ પી.આઇ.શ્રી રાણા સાહેબને ડેપ્યુટ કરેલી. તેમને આંક–૧૭ ની અસલ ફરીયાદ બતાવતા તે તેમને ગુનો દાખલ થવા માટે મળેલી તે જ છે. તેમને નીશાની ૧૧/૨ નો પત્ર બતાવતા તે તેમને ફરીયાદ સાથે ગુનો દાખલ થવા માટે મળેલો તે જ છે, જેમા પી.આઇ.શ્રી રાણા સાહેબની સહી ઓળખી બતાવે છે, જે આંક–૨૪ થી રજુ છે. તેમને નીશાની ૧૧/૧ નો તપાસ ડેપ્યુટનો હુકમ બતાવતા જે તેમણે કરેલો તે જ છે, જેમા તેમની સહી ઓળખી બતાવે છે, જે આંક–૨૫ થી રજુ છે. તેઓએ ઉપરી અધીકારીઓને ગુના બાબતે સ્પેશ્યલ રીપોર્ટ કરેલો. તેમને નીશાની ૧૧/૪ નો સ્પેશ્યલ રીપોર્ટ બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે, જે

આંક–૨૬ થી રજુ છે. તેઓએ ગુનાના કામે બનાવવાળી જગ્યાની એફ.એસ.એલ. તપાસ માટે પધારવા એફ.એસ.એલ. અધીકારીશ્રી, ગીરસોમનાથને ફેકસ મેસેજ કરેલો. તેમને નીશાની ૧૧/૧૫ નો ફેકસ મેસેજ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૨૭ થી રજુ છે. તેમને કોર્ટના રેકર્ડ માંથી તેમણે દાખલ કરેલ અસલ એફ.આઇ.આર. બતાવતા જે તેઓએ નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ તે જ છે, જેમાં પી.એસ.ઓ. તરીકે તેમની સહી ઓળખી બતાવે છે, જે આંક–૨૮ થી રજુ છે. તેઓએ ગુના બાબતે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૧/૨૫ થી નોંધ કરેલી, જે એન્ટ્રીમાંના હસ્તાક્ષર તેમના પોતાના છે જેની ખરી નકલ આંક–૨૯ થી રજુ છે.

**૧૭.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સરતપાસમા જણાવેલ કામગીરી સીવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

**૧૭.૨** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ પી.એસ.ઓ. તરીકે કામગીરી કરેલ છે અને તે કામગીરી પોતાની જુબાનીમાં વર્ણવેલ છે. તેઓની તરફ ફરીયાદ લખાઇ આવતા તેઓએ ગુનો રજીસ્ટર કરી તપાસની સોંપણી કરેલ છે. એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર આવવા ફેકસ મેસેજ કરેલ છે, સ્પેશ્યલ ગુના અંગેનો રીપોર્ટ કરેલ છે તેમજ ફરીયાદના આધારે એફ.આઇ.આર. નોંધેલ છે. આમ, તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ નથી. તેઓને ફરીયાદની કોઇ જાતમાહિતી નથી. તેઓને આરોપી સાથે કોઇ નિસ્બત નથી. આમ, સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**૧૮.** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી તબીબી સાહેદ ડો.રામસિંહ કિશોરભાઇ જાદવને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં

જણાવેલ છે કે, તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલો છે અને છેલ્લા ૧ વર્ષથી અલગ અલગ જગ્યાએ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૨/૪/૨૦૨૫ ના રોજ તેઓ સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, ઉના ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ પર હાજર હતા. તે દીવસે ઉના પો.સ્ટે. ની લેખીત યાદી સાથે લેડીઝ પો.કો. એમ.બી. કાપડી, બ.નં.૧૧૨૫ વાળા આ કામના ભોગ બનનાર, ઉ.વ.૧૭, રહે.ઉના, પાંજરાપોળ, ખારા વિસ્તાર વાળીને સાંજના કલાક ૦૫.૦૦ વાગ્યે મેડીકલ તપાસ કરી તેણીના શરીર માંથી જરુરી નમુના લેવા માટે તેમની પાસે લાવેલા. તે વખતે ભોગ બનનાર સાથે તેણીના માતુશ્રી પણ હાજર હતા. તેઓએ ભોગ બનનારને હીસ્ટ્રી પુછતા તેણીએ જણાવેલ કે, "હુ ધવલભાઇ રાજશીભાઇ રામુને સૌપ્રથમવાર દોઢ વર્ષ પહેલા મારા ઘરે પાંજરાપોળ ખારામા આવ્યો હતો ત્યારે મળેલા હતા. અમે ત્રણવાર શારીરીક સંબંધ બાંધેલ છે. આ સંબંધ મે મારી મરજીથી બાંધેલ છે (સહકાર સાથે). આશરે એક વર્ષ પહેલા મારા ઘરે બપોરે મારી સંમતીથી ભાઇના રુમમા જાતીય સંબંધ બાંધેલ છે. બીજી વાર આશરે એક–બે મહીના પહેલા બપોરે મારા ઘરે શારીરીક સંબંધ બાંધેલ છે. ત્રીજીવાર અમે બન્ને આજથી સાત દીવસ પહેલા બુધવારે ૨૬/૩/૨૦૨૫ના રોજ ભાગી ગયા હતા. બસમા બેસી ભગુડા ગયા. ત્યા એક રુમ પર આશરે ૩૦/૩/૨૦૨૫ ના રોજ શારીરીક સંબંધ બાંધેલ છે." તેણીને પુછતા તેણીને શરીર સંભોગ દરમ્યાન બ્લીડીંગ થયેલ ન હતુ તેમજ શરીર સંભોગ દરમ્યાન કોઇ ગર્ભનીરોધક સાધનનો ઉપયોગ કરેલ ન હતો અને તે દરમ્યાન તેણીને કોઇ કેફી પીણુ પીવડાવેલ ન હતુ. તેણીએ શરીર સંભોગ બાદ કપડા બદલેલ હતા અને મળ મુત્રનો ત્યાગ કરેલ હતો. તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસ કરી તેણીના શરીર માથી જરુરી નમુના લેવા તેણીને તથા તેણીના માતુશ્રીને સમજ આપેલી અને તે માટે તેઓએ સંમતી દર્શાવેલી, જે બદલ ભોગ બનનારના માતુશ્રીએ સર્ટીફીકેટમા તેમના રુબરુ તેના

ડાબા હાથના અંગુઠાનુ નીશાન કરી આપેલ. ભોગ બનનારને તપાસતા તેણી સંપુર્ણ સભાન અવસ્થામા હતી. તપાસમા સહકાર આપતી હતી તેમજ સમય, સ્થળ અને વ્યકતીની સારી રીતે ઓળખ કરી શકતી હતી. તેણીના શરીરે ઓળખના ચીહન તરીકે ચહેરાની જમણી બાજુ હોઠની બાજુમા કાળો તલ હતો તેમજ જમણા હાથ ઉપર અંગ્રેજીમા 'નીશા' તથા 'દીલ' નુ ચીત્ર દોરેલ હતુ તેમજ ડાબા હાથના ફોરઆર્મ ઉપર અંગ્રેજીમા 'એન' નામનુ ટાટુ માર્ક હતુ. તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસ તેણીના માતુશ્રી તથા લેડીઝ પો.કો. કાપડીની હાજરીમા કરેલી. ભોગ બનનાર મધ્યમ બાંધાની હતી અને તેનુ શરીર મધ્યમ રીતે પોષીત હતુ. તેણી અપરણીત હતી. તેણીને માસીક અંગેની હીસ્ટ્રી પુછતા તેણીને આશરે ૧૩-૧૪ વર્ષની ઉમરે માસીક શરુ થયેલ હતુ અને તેને અનીયમીત રીતે માસીક આવતુ હતુ. તેણીના છેલ્લા માસીક પીરીયડ ૧૫-૨૦ દીવસ અગાઉનો હોવાનુ જણાવેલુ. તેણીના વાયટલ ડેટા સામાન્ય હતા. તેણીના પેટની તપાસ કરતા તેણીનુ ગર્ભાશય સામાન્ય હતુ. તેણીને કોઇ પ્રેગ્નેન્સી ન હતી. તેણીને બનાવ સમયે પહેરેલ કપડા બાબતે પુછતા આ કપડાઓ પોલીસે કબજે કરેલ હોવાનુ જણાવેલુ. તેણીના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર્સની તપાસ કરતા તેણીની છાતી સામાન્ય રીતે વિકસીત હતી. તેણીના બગલના ભાગે તથા ગુપ્ત ભાગે વાળનો વિકાસ સામાન્ય હતો. ત્યા કોઇ ઈજાના નીશાન જણાયેલ નહી. તેણીનુ લોકલ એકઝામીનેશન કરતા શરીર પર કોઇ બાહય ઈજાના નીશાન ન હતા કે કોઇ લોહી, વીર્ય કે અન્ય ડાઘ નીશાન ન હતા. તેણીને કોઇ અલસર કે ગુપ્ત રોગ જણાયેલ નહી. તેણેના ગુપ્ત ભાગે તપાસ કરતા કોઇ બાહય ઈજાના નીશાન ન હતા. તેણીની પરવજાયનલ તપાસ કરતા તેણીનો યોનીપટલ તુટેલ હતો, ત્યાથી કોઇ ડીસ્ચાર્જ જણાયેલુ નહી. ભોગ બનનાર સાથે શરીર સંભોગ થયાની શકયતા નકારી શકાય તેમ ન હતી. તેઓએ તેણીના શરીર માથી બ્લડ પ્લેન, બ્લડ ઇડીટીએ, સલાઇવા, પ્યુબીક હેર, નેઇલ, વજાયનલ

સ્મીઅર, વજાયનલ સ્વોબના નમુના લીધેલા અને સીલબંધ સ્થીતીમા પોલીસને સોપેલા. તેઓને નીશાની ૧૧/૧૧ ની પોલીસ યાદીની સ્થળપ્રત બતાવતા જે તેમને અસલ મળેલી તેની સ્થળપ્રત છે, જેમા મળ્યા બદલ તેમની સહી ઓળખી બતાવે છે, જે આંક-૩૧ થી રજુ છે. તેમને નીશાની ૧૧/૧૯ નો પત્ર તથા ૧૧/૨૦ નુ સર્ટીફીકેટ બતાવતા જે તેઓએ ઈશ્યુ કરેલ અને તેમાં તેમની સહી તથા હોદાનો સીકકો તેમજ સર્ટીફીકેટમા ભોગ બનનારની શારીરીક તપાસ માટે તેણીના માતુશ્રીનુ સંમતી બદલ તેમના રુબરુ તેણીના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવે છે, જે સંયુકત આંક-૩૨ થી રજુ છે તેમજ આ સર્ટી. મા હીસ્ટ્રી હેઠળ ભોગ બનનારની તેમના રુબરુ સહી છે.

**૧૮.૧** તે જ દીવસે સાંજના કલાક ૬.૨૦ વાગ્યે ઉના પો.સ્ટે. ની લેખીત યાદી સાથે આ કામના આરોપી ધવલ રાજશીભાઈ રામુ, ઉ.વ.૨૪, રહે.ઉના દેલવાડા રોડ વાળાને એ.એસ.આઈ. મનુભાઈ જાદવ, બ.નં.૭૬૮ વાળા શારીરીક તપાસ કરી તેના શરીર માથી જરુરી નમુના લેવા માટે તેમની પાસે લાવેલા. તેઓએ આરોપીને હીસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ કે, "હુ ભોગબનનારને બે વર્ષથી ઓળખુ છુ. એને પહેલીવાર મામાના ઘરે પાંજરાપોળ ખારા વિસ્તાર ઉનામા મળેલ છુ. હુ મામાને ત્યા આવતો અને અમારી ઓળખાણ થઈ. મે તેની સાથે ચાર-પાંચ વાર જાતીય સંબંધ બાંધેલ છે. પહેલી વારમા ભોગ બનનારના ઘરે ૪-૫ મહીના પહેલા બપોરે જાતીય સંબંધ બાંધેલ છે અને બીજીવાર પણ તેના ઘરે પહેલી વાર સંબંધ બાંધ્યાના ૨૦ દીવસ પછી બપોરે શારીરીક સંબંધ બાંધેલ છે. ત્રીજીવાર પણ તેના ઘરે ૧૫-૨૦ દીવસના ગાળા પછી બપોરે જાતીય સંબંધ બાંધેલ છે. આજથી દશ દીવસ પહેલા તેના ઘરે બપોરે શારીરીક સંબંધ બાંધેલ છે. આજથી આશરે અઠવાડીયા પહેલા બુધવારે તેના ઘરેથી મારી બાઇકમા બસ સ્ટેન્ડે લઈ ગ્યો. બસમા બેસી ભગુડા ગયા પછી બગદાણા ગયા. ત્યા જયા

યાત્રાળુઓ સુતા હોય ત્યા રાતે મે શારીરીક સંબંધ બાંધેલ છે અને આ શારીરીક સંબંધ ચાર દીવસ પહેલા બાંધેલ હતો." તેઓએ આરોપીને પુછતા તેઓને શરીર સંભોગ દરમ્યાન બ્લીડીંગ થયેલ ન હતુ તેમજ શરીર સંભોગ બાદ કપડા બદલેલ હતા અને મળમુત્રનો ત્યાગ કરેલ હતો. શરીર સંભોગ દરમ્યાન તેમણે કોન્ડોમનો ઉપયોગ કરેલ હતો તેમજ શરીર સંભોગ દરમ્યાન કોઇ પીણુ પીધેલ ન હતુ. તેઓએ આરોપીને તેની શારીરીક તપાસ કરવા તથા તેઓના શરીર માથી જરુરી નમુના લેવા સમજ આપેલી અને તે માટે તેઓએ સંમતી આપી સર્ટી. મા પોતાની સહી કરી આપેલી. આરોપીના શરીરે ઓળખના ચીહન તરીકે તેમના ગળાની જમણી બાજુ તલ હતો તેમજ પેટના ઉપરના ભાગે તલ હતો તથા ડાબા ખભાના પાછળના ભાગે તલ હતો. તે મધ્યમ બાંધાનો હતો અને તેનુ શરીર મધ્યમ રીતે પોષીત હતુ. તે અપરણીત હતો. તેના વાયટલ ડેટા સામાન્ય હતા. તેના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર્સ પુર્ણ રીતે વીકસીત હતા. તેના શરીરે કોઇ ઇજાના નીશાન ન હતા કે અન્ય કોઇ ડાઘ નીશાન જણાયેલા નહી. તેના ગુપ્ત ભાગે કોઇ ઇજાના નીશાન ન હતા. ગુપ્ત ભાગનો વિકાસ સામાન્ય હતો. કોઇ ફોરેન પાર્ટીકલ્સની હાજરી જોવા મળેલ નહી. તેનુ શીશ્ન પૂર્ણ રીતે વીકસીત હતુ અને તે ઉત્થાન પામતુ હતુ અને તેનો કેમેસ્ટરીક રીફલેક્ષ પ્રેઝન્ટ જણાયેલો. તેના શીશ્નના ગ્લાન્સ ફરતે સ્મેગ્મા નામનો પદાર્થ ન હતો. તેઓના અભિપ્રાય મુજબ તે શરીર સંભોગ કરવા સક્ષમ હતો. તેઓએ તેના શરીર માથી બ્લડ પ્લેન, બ્લડ ઇડીટીએ, સલાઇવા, સીમેન, પ્યુબીક હેર, નેઇલ, યુરેથ્રલ સ્મીઅર (સ્લાઇડ), યુરેથ્રલ સ્વોબના નમુના લીધેલા અને સીલબંધ સ્થીતીમા પોલીસને આપેલા. તેમને નીશાની ૧૧/૧૨ ની પોલીસ યાદી બતાવતા જે તેમને અસલ મળેલી તેની સ્થળપ્રત છે, જેમા મળ્યા બદલ તેમની સહી ઓળખી બતાવે છે, જે આંક–૩૩ થી રજુ છે. તેમને નીશાની ૧૧/૨૨ નો પત્ર તથા નીશાની ૧૧/૨૩ નુ સર્ટી. બતાવતા જે તેઓએ ઇશ્યુ કરેલુ તે જ છે, જેમા તેમની સહી

તથા હોદાની સીકકો ઓળખી બતાવે છે, જે સંયુકત આંક–૩૪ થી રજુ છે. આ સર્ટી.માં હીસ્ટ્રી હેઠળ આરોપીની સહી છે તેમજ શારીરીક તપાસ કરી નમુના લેવા માટે સંમતી બદલ તેમના રુબરુ આરોપીની સહી ઓળખી બતાવે છે.

**૧૮.૨** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના રુબરુ ભોગ બનનારે જે કહેવાતા બનાવની હીસ્ટ્રી આપી તેમા આરોપીએ ભોગ બનનારની સાથે કોઈ બળજબરી કરી હોય તેવુ બનેલાનુ કહ્યુ નથી. યોનીપટલ તુટવા માટેના ઘણા કારણો હોઈ શકે. આરોપી કે ભોગ બનનાર કોઈને પણ શરીર પર કોઈ પણ પ્રકારના ઈજાના નીશાન જણાય આવેલ નહી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૧૮.૩** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ ભોગ બનનાર તેમજ આરોપીની શારીરિક તપાસણી કરેલ છે અને તે મુજબના પ્રમાણપત્રો તેઓએ પોતાની જુબાનીના માધ્યમથી રજૂ કરેલ છે. તેઓની સમક્ષ ભોગ બનનાર તેમજ આરોપી એમ બન્નેએ હિસ્ટ્રી આપેલ છે, જે મુજબ બન્ને વચ્ચે શારીરિક સંબંધ બંધાયેલાની હકિકત બહાર આવેલ છે, પરંતુ આ તબકકે ભોગ બનનારની આંક–૧૪ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તેણી સાથે કોઈ દુષ્કૃત્ય થયેલાનો તેણી સ્પષ્ટપણે ઈન્કાર કરે છે. વધુમાં સદરહુ મેડીકલ ઓફીસરશ્રીની જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપી તેમજ ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાનો જણાયેલા નથી કે કોઈ ડાઘ પણ જોવા મળેલા નથી. વધુમાં બન્નેએ આક્ષેપિત શરીર સંબંધ બાદ પોતપોતાના કપડા બદલી નાખેલ છે તેમજ મળમૂત્રનો ત્યાગ કરેલ છે. સદર સાહેદે ભોગ બનનાર તથા આરોપીના શરીરમાંથી એફ.એસ.એલ.ના હેતુ માટે થઈને કેટલાક નમુનાઓ લીધેલા છે અને તે આંક–૩૭ વાળા પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ છે. સદરહુ પંચનામું

બચાવપક્ષે એડમીટ કરેલ હોઇ, તેને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. સદરહુ મુદામાલ એટલે કે, સેમ્પલ્સ એફ.એસ.એલ. થવા સારૂ મોકલવામાં આવેલ છે, જેનો રીપોર્ટ આંક-૪૯ થી રજૂ થયેલ છે, જે વંચાણે લેવામાં આવે તો ભોગ બનનાર કે આરોપીના કપડા ઉપર લોહીના કે વિર્યના નિશાનો મળી આવેલા નથી. જો કે, સદરહુ રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારના વજાયનલ સ્મીયર અને વજાયનલ સ્વોબના નમુનાઓમાં વિર્યની હાજરી મળી આવેલ છે, પરંતુ આરોપીના સીમેનના સેમ્પલમાં એફ.એસ.એલ. દ્વારા જૂથ નિર્ણીત થઇ શકેલ નથી અને તેથી સદરહુ વિર્ય આરોપીનું જ હતુ કે કેમ? તે નિર્ણીત થઇ શકેલ નથી. આમ, સદરહુ સાહેદની જુબાની મુજબ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બંધાયેલાની શકયતા નકારી શકાય તેમ નહિં હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે તેમજ આરોપી પણ શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે, પરંતુ આરોપીએ જ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાની હકિકત સ્પષ્ટપણે બહાર આવતી નથી. વધુમાં અગાઉ થયેલ ચર્ચાનુસાર ભોગ બનનાર આમાંની કોઇ જ હકિકત પોતાની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં તેણીના માતાપિતા પણ આરોપીએ કોઇ ગુનો આચરેલ હોવાની હકિકતનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે અને આમ, માત્ર મેડીકલ ઓપીનીયન તેમજ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષની હિસ્ટ્રી કે જે કોરોબોરેટીવ પીસ ઓફ એવીડન્સ છે તેના આધારે આરોપીને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

૧૯. આ કામે ફરિયાદપક્ષે આંક-૪૨ થી સાહેદ વિવેકભાઇ કાનાભાઇ છેલાણાને તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર તેમના મોટા બેન થાય છે. આ કામનો બનાવ છ-સાત માસ અગાઉ બનેલો. તેમની ભોગ બનનાર બેન બનાવના અરસામા ૧૮ વર્ષથી ઉપરની ઉમરની હતી. તેની જન્મ

તારીખ તેમને યાદ નથી. તેમની બેન ધોરણ–૭ સુધી ભણેલ છે. બનાવના દીવસે તેમના પિતાજી તેણીને ખીજાયેલ તેથી તે જતી રહેલ હતી. બનાવના દીવસે તે ઘરે હાજર ન હતા. બનાવના ૩ દીવસ બાદ તેમની બેન ઘરે પરત આવેલ હતી. તેણી કયાં ગયેલી તેની તેમને ખબર નથી કે તેમણે તેણીને પુછેલ નહી. બનાવ બાબતે તેમના પિતાજીએ પોલીસમા ફરીયાદ આપેલી. કોના વિરૂધ્ધ ફરીયાદ આપેલી તેની તેમને ખબર નથી. તેમની ભોગ બનનાર બેન બનાવના અરસામા ૧૮ વર્ષથી ઓછી ઉમરની હોય અને તેણીને કોઇ લલચાવી ફોસલાવીને ભગાડી ગયેલ હોય તેવુ કાઇ બનેલ નથી. તે આરોપીને ઓળખતા નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

**૧૯.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે ડ્રાઈવીંગ કરે છે. ડ્રાઈવીંગના કામે બહારગામ જવાનુ હોવાથી બે–ત્રણ દીવસે ઘરે આવે છે. બનાવ અંગે તેમને તેમના માતા–પિતા કે બહેન સાથે કોઇ વાતચીત થયેલ નથી. પોલીસે તેમનું માત્ર નામ, ઠામ અને ઉમર પુછેલી, તે સીવાય બીજી કોઇ પુછપરછ કરેલ નહી.

**૧૯.૨** સદર સાહેદ ભોગ બનનારના ભાઇ છે. તેઓના કથન મુજબ તેઓ બનાવના દિવસે ઘરે હાજર જ ન હતા. તેઓને બનાવ અંગેની તેઓના માતાપિતા કે ભોગ બનનાર સાથે કોઇ વાતચિત થયેલ નથી. તેઓની બહેનને કોઇ ભગાડીને લઇ ગયેલ હોવાનો તેઓ ઇન્કાર કરે છે. તેઓના પિતાએ ફરીયાદ આપેલી, પરંતુ કોની વિરૂધ્ધમાં ફરીયાદ આપેલી તેની તેઓને ખબર નથી. વધુમાં તેઓ આરોપીને ઓળખી શકતા નહિં હોવાનું જણાવે છે. વધુમાં તેઓની બહેન સાથે કોઇએ દુષ્કૃત્ય આચરેલ હોવા અંગેની લેશમાત્ર

હકિકત તેઓ પોતાની જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

૨૦. અંતમાં આ કામે ફરીયાદપક્ષે આંક–૪૫ થી તપાસ અધિકારી મહેન્દ્રસિંહ નીરુભા રાણાને તપાસેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૮/૩/૨૦૨૫ ના રોજ તેઓ ઉના પો.સ્ટે. મા પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે આ કામના ફરીયાદીએ તેમના રુબરુ આવી પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે પોતાની સગીર વયની દીકરીને ધવલ રાજશી રામુ, રહે.ઉના વાળો તા.૨૭/૩/૨૦૨૫ ના રોજ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના બદઈરાદે ભગાડી લઈ ગયેલ છે, જે મતલબની વિગતવાર ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ કોમ્પ્યુટરમા ટાઇપ કરી તેની પ્રીન્ટ કાઢી વાંચી સંભળાવતા તે બરાબર અને ખરી હોવા બદલ ફરીયાદીએ તેમના રુબરુ ફરીયાદ હેઠળ પોતાના અંગુઠાનુ નીશાન કરી આપેલ. તેમને આંક–૧૭ ની અસલ ફરીયાદ બતાવતા તેમા તેમના રુબરુ ફરીયાદીના અંગુઠાનુ નીશાન તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. ફરીયાદીએ ફરીયાદ આપતી વખતે ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની તથા આધારકાર્ડની નકલ રજુ કરેલી. તેઓએ આ ફરીયાદ પી.એસ.ઓ. ને ગુનો દાખલ કરવા અલગ પત્ર લખી આપેલી. તેમને આંક–૨૪ નો પત્ર બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે. પી.એસ.ઓ., ઉનાએ આ ગુનો ગુ.ર.નં. ૪૯૭/૨૦૨૫ થી નોંધી આ ગુનાની તપાસ તેઓને ડેપ્યુટ કરતા તેઓએ સંભાળી લીધેલી. તેમને આંક–૨૫ નો ડેપ્યુટનો હુકમ બતાવતા જે તેમને મળેલો તે જ છે. તેઓએ બનાવવાળી સ્થાનીક જગ્યાની મુલાકાત લીધેલી અને બે પંચોને બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવાની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ આ જગ્યા ફરીયાદીએ બતાવેલી, જે ઉના ખારા વિસ્તારમા પાંજરાપોળની બાજુમા આવેલ

હતી, જયા ફરીયાદીનુ મકાન આવેલ હતુ અને તેના પુર્વ બાજુના રુમમા ભોગ બનનાર સુતા હોવાનુ જણાવેલુ, જે જગ્યાનુ સ્થળ સ્થીતીનુ વિગતવાર પંચનામુ પંચો રુબરુ કરેલુ. તેમને આંક–૩૫ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા. તપાસ દરમ્યાન આરોપી તથા ભોગ બનનાર મળી આવતા ભોગ બનનારનુ નીવેદન નોંધેલુ તેમજ ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા પંચો રુબરુ કબજે લીધેલ. તેમને આંક–૩૬ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. આ કામના આરોપીને અટક કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય આરોપીને બે પંચો રુબરુ પંચનામાની વિગતે અટક કરેલ. અટક દરમ્યાન આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા ઉપયોગમા લીધેલ મોટર સાયકલ રજુ કરતા પંચનામાની વિગતે કબજે લીધેલ, જે આંક–૪૬ થી રજુ છે. તેમને આંક–૩૯ નુ પંચનામુ બતાવતા જે બે પંચો રુબરુ આરોપીએ બનાવવાળી જગ્યા બતાવેલ તે જગ્યાનુ પંચનામુ છે, જેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ કામના આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવેલી. તેઓએ આ કામે ભોગ બનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ ૧૮૩ મુજબનુ નીવેદન લેવડાવેલ. ભોગ બનનારના જન્મ અંગેના આધાર પુરાવા મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ભોગ બનનાર તથા આરોપીના મેડીકલ સર્ટી. મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ભોગ બનનાર તથા આરોપીના મેડીકલ નમુના દવાખાનેથી આવતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લીધેલ. તેમને આંક–૩૭ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. આ કામનો મુદામાલ એફ.એસ.એલ. તપાસ માટે રવાનગી નોંધ સાથે મોકલેલ. તેમને નીશાની ૧૧/૨૫ ની રવાનગી નોંધ બતાવતા તેમા તેમની સહી

ઓળખી બતાવે છે, જે આંક–૪૭ થી રજુ છે તેમજ એફ.એસ.એલ. ને મુદામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૪૮ થી રજુ છે. તેમને નીશાની ૧૧/૨૭ બતાવતા જે એફ.એસ.એલ. નો મુદામાલ પૃથ્થકરણ કરી પરીણામપત્ર સાથે મોકલેલ રવાનગી પત્ર તથા તે સાથે અસલ પૃથકકરણ અહેવાલ છે, જે સંયુકત આંક–૪૯ થી રજુ છે. તેઓની તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમા ચાર્જશીટ રજુ કરેલુ. આરોપીને ઓળખે છે. વધુમાં તેઓ વિમુખ સાહેદોના નિવેદનો પોતાની જુબાનીના માધ્યમથી પુરવાર કરે છે.

**૨૦.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપી તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની ફરીયાદ તેમના રુબરુની છે અને તપાસ પણ તેમણે જ કરેલ છે. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૨૦.૨** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ આ ગુનાની તપાસ કરેલ છે અને તે મુજબની જ હકિકતો પોતાની જુબાનીમાં વર્ણવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ પણ તેઓ રૂબરૂ લેવામાં આવેલાનું તેઓ જણાવે છે. પરંતુ આ તબકકે આંક–૧૬ વાળા ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતાની ઉલટ તપાસમાં ફરીયાદથી બિલકુલ વિપરીત હકિકતો જણાવે છે. આ કામના આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો આપતા નથી. વધુમાં અગાઉ થયેલ ચર્ચાનુસાર જયારે ભોગ બનનાર પોતે જ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો આપતા ન હોય તેમજ તેણીના માતા પિતા અને ભાઇ પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી હકિકત પોતાના પુરાવામાં જણાવતા ન હોય ત્યારે એકમાત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

૨૧. આ કામે સાહેદોની જુબાનીઓની ચર્ચા સાથે કરવામાં આવેલ દસ્તાવેજોની ચર્ચા સિવાયના દસ્તાવેજોની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક-૩૫, ૩૮ અને આંક-૩૯ થી અલગ અલગ બનાવવાળી જગ્યાના પંચનામાઓ રજૂ કરેલા છે, પરંતુ સદરહુ પંચનામાઓ વંચાણે લેવામાં આવે તો ત્યાંથી કોઇ ગુનાને લગતા નિશાનો કે ચીજવસ્તુઓ મળી આવેલ નથી અને આમ, સદરહુ પંચનામાઓ સંપુર્ણપણે માની લેવામાં આવે તો પણ તેના થકી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. ફરીયાદપક્ષે આંક-૩૬ થી ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું રજૂ કરેલ છે, જેના થકી ભોગ બનનારના કપડા કબજે કરવામાં આવેલાનું પુરવાર થયેલાનું માની લેવામાં આવે તો પણ ભોગ બનનાર સદરહુ કપડા પોતાના જ હોવાનું પોતાની જુબાનીના માધ્યમથી પુરવાર કરતા નથી. વધુમાં સદરહુ કપડા તપાસ કરનાર અમલદાર દ્વારા એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલા છે, જેનો પૃથકકરણ અહેવાલ આંક-૪૯ થી રજૂ થયેલ છે, જે વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારના કપડા ઉપરથી વિર્યના કે લોહીના ચિન્હો મળી આવેલ નથી અને તેથી પણ સદરહુ પંચનામાની આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આંક-૩૭ વાળા સેમ્પલ કબજે કર્યાના પંચનામાની અગાઉ ચર્ચા કરવામાં આવેલ હોઇ, અત્રે તેનું પુનરાવર્તન કરેલ નથી. આંક-૪૬ થી આરોપીને અટક કર્યાનું તથા તેની પાસેથી કપડા અને મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે, જે કપડા એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલા છે, પરંતુ એફ.એસ.એલ. અભિપ્રાય મુજબ તે કપડા પરથી પણ ગુના સંદર્ભેના કોઇ નિશાનો કે ચિન્હો મળી આવેલા નથી.

૨૨. આમ, અગાઉ થયેલ ચર્ચાનુસાર ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબના નિવેદનથી પણ વિપરીત હકિકતો તેણી

પોતાની જુબાનીમાં જણાવે છે. આંક–૧૬ વાળા ફરીયાદીની જુબાની થકી આંક–૧૭ વાળી ફરીયાદના કન્ટેન્ટ પુરવાર થતા નથી. ફરીયાદી તે ભોગ બનનારના પિતા હોવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. આંક–૧૮ વાળા સાહેદ ભોગ બનનારના માતા છે, છતાં તેણી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. આંક–૨૨ વાળા જન્મના પ્રમાણપત્ર મુજબ ભોગ બનનાર બનાવ સમયે ૧૮ વર્ષથી નાની વયના હોવાનું પુરવાર થાય છે, પરંતુ આ કામના આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોય કે તેણીની મરજી વિરૂધ્ધ તેણી સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકિકત પુરવાર થતી નથી. ભોગ બનનાર તેણીની મેડીકલ ઓફીસરશ્રી સમક્ષની હિસ્ટ્રીથી વિપરીત હકિકત પોતાની જુબાનીમાં જણાવે છે. આમ, ભોગ બનનાર તેમજ તમામ સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષના કેસથી વિપરીત હકિકતો જણાવતા હોય તેમજ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો આપતા ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતા નથી. આમ, ભોગ બનનાર બાળક એટલે કે, ૧૮ વર્ષથી ઓછી વયના હોવાનું પુરવાર થતું હોઇ, મુદ્દા નં. (૧)નો જવાબ **હકારમાં** આપુ છું, પરંતુ તેણી સાથે આરોપીએ આક્ષેપિત ગુનો આચરેલ હોવાની હકિકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલાનું માની મુદ્દા નં. (૨)નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નં. (૩) પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## **–:: આખરી હુકમ ::–**

**(૧)** આ કામના આરોપી ધવલકુમાર રાજશીભાઇ રામુ, રહે.ઉના દેલવાડા રોડ, ચાણકય સ્કુલની પાછળ, ચોરખાણ વાડી વિસ્તાર, તા.ઉના, જી.ગીર સોમનાથ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૫૮(૧) મુજબ તેઓ સામે આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની

કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકશ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ–૪, ૬ તથા ૧૮ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય બાદ કિંમતી મુદ્દામાલ અંગે વચગાળાના તબકકે જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે, અન્યથા તેની માલિકીની ખરાઇ કરી અપીલના અંતે તે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે. અન્ય બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– ઉના
તારીખ:–૧૦–૦૮–૨૦૨૬

(સુનિલ એમ. ગોવાણી),
૩જા એડીશ્નલ સેશન્સ જજ,
ઉના, જીલ્લો:– ગીર સોમનાથ.
કોડ નં. જીજે૦૦૯૧૮